# અક્રમ યુથ

જાન્યુઆરી ૨૦૨૦ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20



## The power of 9

series 2

**કોઈપણ ધર્મનું કિંચિત્માત્ર પ્રમાણ ન દુભાય**

**The Augmented Reality Magazine**

For details, visit page 24

# અનુક્રમણિકા


04 કલમ-૨

05 નિયમિત કલમ-૨ બોલ્યા...

06 વિશ્વના ધર્મો

08 જ્ઞાની વિથ યુથ

10 ધર્મ અને ધાર્મિક...

12 Q and A

15 Bhakti Karaoke નિશ્ચયથી નમન કરું

16 દાદાશ્રીના પુસ્તકની ઝલક

18 મહાન પુરુષોની ઝાંખી

20 આપણી જાતને ચકાસીએ...

21 #કવિતા



વર્ષ: ૭, અંક : ૦૯
સળંગ અંક : ૮૧
જાન્યુઆરી ૨૦૨૦



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી -** ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


**Subscription**

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn in favour of "Mahavideh Foundation" payable at Ahmedabad.


© 2020, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

વ્હાલા મિત્રો,

અક્રમ યુથની આપણી નવ કલમોની શ્રેણીના આ અંકમાં આપણે બીજી કલમને સવિસ્તાર સમજીશું.

'ધર્મ' શબ્દના અલગ-અલગ અર્થ જોવા મળે છે. કોઈપણ વસ્તુના સ્વાભાવિક ગુણોને તે વસ્તુનો ધર્મ કહેવાય છે. જેમ કે અગ્નિનો ધર્મ તેની ગરમી અને તેજ છે. વળી શાસ્ત્રોમાં તો વેદોમાં ઉપદેશાયેલા શુભ કર્મોને ધર્મ કહેવામાં આવ્યો છે. જો આપણે પ્રાચીન અર્થ જોઈએ, તો ધર્મ એટલે જીવન જીવવાની ન્યાયપૂર્ણ અને કર્તવ્યપૂર્ણ રીત.

પ.પૂ. દાદા ભગવાન આમાંથી ક્યા ધર્મની વાત કરી રહ્યા હશે એવો પ્રશ્ન તો સહેજે ઊભો થઈ જ જાય ને? આપણે આ અંકમાં ધર્મની નવી જ વ્યાખ્યા અને બધા રિલેટીવ ધર્મો વિષે પ.પૂ. દાદા ભગવાન શું કહેવા માગે છે તેમ જ આપણાથી જાણતા કે અજાણતા કોઈપણ ધર્મનું પ્રમાણ ક્યાં-ક્યાં દુભાવાઈ જાય છે તે સમજીએ. સાથે સાથે આવી ભૂલોમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય એની ચાવીઓ મેળવીએ અને બીજી કલમ થકી ફરી ક્યારેય પણ આપણાથી કોઈપણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય એવો નિશ્ચય કરીએ. કરશોને?

- ડિમ્પલ મહેતા

# કલમ ૨




‘હે દાદા ભગવાન! મને કોઈપણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાવાય એવી સ્યાદ્‌વાદ વાણી, સ્યાદ્‌વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.’

# નિયમિત **કલમ-૨** બોલ્યા પછી થયેલા અનુભવો

પહેલાં મારાથી અલગ અલગ ધર્મોની કમ્પેરીઝન થયા કરતી અને થતું કે બીજા ધર્મો કરતાં આપણો ધર્મ વધારે આગળ છે. પણ, બીજી કલમ નિયમિતપણે બોલવાથી એ ઘણું ઓછું થઈ ગયું અને હવે સમજાય છે કે બધા ધર્મો પોતાની રીતે યોગ્ય જ છે.

- ભાવિની, મુંબઈ

---

મને પહેલાં કોઈ ધર્મના સાધુ કે કોઈ ફોલોઅર્સનું અજુગતું વર્તન કે વ્યવહાર જોઈને આખા ધર્મ વિષે નેગેટિવ થતું કે આ ધર્મવાળા આવા જ હોય. મને અલગ અલગ ધર્મોના નિયમો કે રીત-રિવાજો જોઈને મારા ભાવ બગડી જતા અને ક્યારેક વાણીથી પણ વિરાધના થઈ જતી. મારી પાસે પહેલાં કોઈ બીજા ધર્મનું નેગેટિવ બોલવા આવે ત્યારે હું એમની સાથે સહમત થઈ જતો, તે તો સાવ જ બંધ થઈ ગયું છે. જ્યારે બે અલગ અલગ ધર્મના લોકો કોઈ એક બાબત માટે ઝઘડો કરતા, તે જોઈને પહેલાં મારાથી ખૂબ વિરાધના થતી, પણ, હવે એ બાબતથી હું અપસેટ નથી થતો. સાથે હવે હું સામેની વ્યક્તિને સમજાવી પણ શકું છું.

- કૃતિકા, મુંબઈ

# વિશ્વના ધર્મો



હિંદુ ધર્મ
શીખ ધર્મ
બૌદ્ધ ધર્મ
ખ્રિસ્તી ધર્મ
કન્ફ્યુશિયસે જણાવેલો ધર્મ
વૈશ્વિક ધર્મ
શિન્તો ધર્મ
ઈસ્લામ ધર્મ



તાઓ ધર્મ
જરથોસ્તી ધર્મ
ISKCON
ઈસ્કોન
યહૂદી ધર્મ
સ્વામીનારાયણ સંપ્રદાય
RAMAKRISHNA MISSION
રામકૃષ્ણ મિશન
परस्परोपग्रहो जीवानाम्
જૈન ધર્મ
બ્રહ્માકુમારી
બહાઈ ધર્મ



# જ્ઞાની વિથ યુથ

મારા જીવનમાં ઘણો બધો ફેરફાર થયો છે. એમાં મોટો ફાળો નવ કલમોનો જ છે. વ્યવહારમાં દરેક કલમ દ્વારા વધુમાં વધુ શક્તિ માંગવાનું મને બહુ અનુકૂળ પડ્યું.

**પ્રશ્નકર્તા:** ઘણા વખતથી મારા જીવનમાં ઘણો બધો ફેરફાર થયો છે. એમાં મોટો ફાળો નવ કલમોનો જ છે. વ્યવહારમાં દરેક કલમ દ્વારા વધુમાં વધુ શક્તિ માંગવાનું મને બહુ અનુકૂળ પડ્યું. કાલે તમે સૂક્ષ્મ ધર્મની વાત કરી. તો મને લાગ્યું કે મનનો ધર્મ વિચાર કરવાનો કહેવાય ને!

**પૂજ્યશ્રી:** હા.

**પ્રશ્નકર્તા:** તો મનના વિચારો સારા-ખરાબ બધા આવ્યા કરે એમાં ડીસ્ટર્બ થઈ જઈએ, તો એ પાછું એને વગોવ્યું જ કહેવાય ને?

**પૂજ્યશ્રી:** હા, મન મનના ધર્મમાં છે તો અહંકાર એ અહંકારના ધર્મમાં છે. બુદ્ધિ એ બુદ્ધિના ધર્મમાં છે. ડખો કરવો એ બુદ્ધિનો ધર્મ.

**પ્રશ્નકર્તા:** તો આપણે ડખો કર્યો કહેવાય?

**પૂજ્યશ્રી:** ના, હવે આત્મા છીએ આપણે, આત્માનો ધર્મ શું? જોવું જાણવું.

**પ્રશ્નકર્તા:** હા.

**પૂજ્યશ્રી:** આત્મા જ્ઞાનવાળો છે અને જ્ઞાનથી જુએ, જાણે એટલો જ ભાગ આત્માનો. આત્માએ એના ધર્મમાં રહેવાનું છે. આ તો કોઈકના ધર્મને મેં કર્યું કહે છે. એટલે માર પડે છે પછી, ગુનો ચોંટે છે.

**પ્રશ્નકર્તા:** એ ડખો કર્યો કહેવાય?

**પૂજ્યશ્રી:** ડખો કર્યો કહેવાય. ડખો એ ખરેખર પેલી બુદ્ધિ કરે છે, કેટલો ખરાબ વિચાર આવ્યો. એ તમે શું કામ ખરાબ ને સારાની ઉપાધિમાં પડો છો? સમભાવે નિકાલ કરો તો આત્મધર્મમાં આવી ગયા આપણે. પાંચ આજ્ઞાથી આત્મધર્મમાં રહેવાય. અહંકાર વપરાય એનું નામ ધર્મ કહેવાય. પોતે 'હું દાનેશ્વરી છું' માને એ એનો અહંકાર કહેવાય. અને મારે દાન આપવું છે, મારો ધર્મ છે. 'હું ચોર છું' એ માને એ અહંકાર કહેવાય. અને 'ચોરી કરવી' એ એનો ધર્મ. હવે અહંકાર અને અહંકારનું કાર્ય, એનાથી ઉપર આપણે આત્મા અને આત્માનું કાર્ય શું? જોવું, જાણવું. કે આ ચંદુ દાની છે, દાન આપે છે. એ વ્યવસ્થિતના તાબે છે. હું નથી આ. એ આપણે જ્ઞાનમાં આવ્યા. કોઈ એન્જિનિયર હોય, તો એ આજે મશીનરીનું રિપેરીંગ કરતો હોય, તો એણે ગયા ભવમાં ભાવ કરેલો છે. તે એને આજે આ અહંકારરૂપે અને અહંકારનો ધર્મ આ ભવમાં ફળ આપે. જેમ, હું આમની વહુ થાઉં, આ મારી સાસુ છે, હું ઘર સાચવું છું, આ મારા બે છોકરા છે, મારો ધર્મ બધાને જમાડવા, સંસ્કાર આપવા, તે વહુપણા એટલે વાઈફનો ધર્મ થયો. ને સાસુપણું તો સાસુનો ધર્મ. એવું દરેક અસ્તિત્વ, ને અસ્તિત્વ એટલે શું? હું છું અને પછી હું આવું કરું છું એ પછી એનો ધર્મ થયો. એટલે અહંકાર ને અહંકારનો ધર્મ. એટલે એવું કહીએ કે, ''આમ ચોરી કરો છો, ભાન પડતું નથી, સમજતા નથી, કેટલું ખરાબ કરો છો.'' તો એના ધર્મને તોડ્યો કહેવાય. અહંકારને દુભાવ્યો કહેવાય. અને કોઈનાયે ધર્મનું પ્રમાણ દુભાવીએ અને આપણો મોક્ષ થાય એ બનવાનું નથી. એને કહેવાય કે ભાઈ, તમે આ કોઈકનું લઈ લો છો, આપણું કોઈ લઈ લે તો ગમે આપણને? અને લોકોને ખબર પડશે તો તમને પકડીને મારશે. એટલે તમે પરિણામ વિચારો. આમાંથી બહાર નીકળો, નક્કી કરો કે આ ''ચોરી કરવી'' એ ખોટું છે.

**પ્રશ્નકર્તા:** બરાબર.

**પૂજ્યશ્રી:** ખોટો કહેવા કરતા 'આ ન કરાય,' 'આ કરાય' એવી જાગૃતિ અને સમજણ આપવી એ આપણા તરફનો ભાગ છે.

**પ્રશ્નકર્તા:** હા, બરાબર.

**પૂજ્યશ્રી:** અને એને એ પકડવાનું હોય કે આ ચોરીની ક્રિયા કરું છું એ ખોટું છે, હવે નહિ કરું. જેટલી વાર થાય એટલી વાર પસ્તાવો લે. પણ આમાં આપણે શું શીખવાનું છે, એ આત્મા છે પોતે. એના વ્યુ પોઈન્ટે આવેલો છે.

**પ્રશ્નકર્તા:** બીજી કલમમાં કંઈ સૂક્ષ્મ ફોડ છે?

**પૂજ્યશ્રી:** સૂક્ષ્મ તો ઠેઠ આત્મા સુધી પહોંચે છે. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે, એટલે જ્ઞાન એનો ગુણ છે અને જાણવું એનો ધર્મ છે. પછી અજ્ઞાનમાં અહંકાર ઊભો થયો તે 'હું ચોર છું' એવું કહે છે. અને પછી એનો ચોરીનો ધર્મ, તે ચોરીની ક્રિયા કરે છે. એટલે આ સૂક્ષ્મ ઠેઠ આત્મા સુધી અડે છે. એટલે પોતે આત્મા થયો તો એના અહંકારનું પ્રમાણ ન દુભાય, ધર્મનું પ્રમાણ ન દુભાય. તો એ આત્મારૂપે જોઈ શકે એને. એટલે આ સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ લેવલે તમને એ રિલેટીવમાં નિર્દોષ દેખાય, રિયલમાં આત્મારૂપે દેખાય.

**પ્રશ્નકર્તા:** એટલે આપણે દરેકને નિર્દોષ જોવાની જે દ્રષ્ટિ છે એમાં બધું આવી જ ગયું?

**પૂજ્યશ્રી:** આવી જ જાય, છેવટે આ જ આવશે.

લોકો શા માટે

# ધર્મ અને ધાર્મિક વ્યક્તિઓમાં મતભેદ રાખે છે તેના કારણો

## પોતે શ્રેષ્ઠ છે એવી અનુભૂતિ

તેઓ જેવી માન્યતાભર્યા વાતાવરણમાં ઉછર્યા હોય, તેને લીધે તેઓ બીજા ધર્મોને જુદા માને છે અને છેવટે મતભેદ પાડે છે.





જ્યારે પૂર્વગ્રહ સાથે વપરાય છે, ત્યારે વિવાદનું મુખ્ય કારણ બની જાય છે.


## સંદેશવ્યવહારના સાધનો (સોશિયલ મીડિયા)

## અધૂરી અને વિવાદાસ્પદ માહિતી


ઘણીવાર બધા જ તથ્યો લોકો સમક્ષ રજૂ થતા નથી અને એકની તરફેણમાં વાળી દેવામાં આવે છે, જે પાછળથી, બીજા પક્ષ માટે અશાંતિનું કારણ બને છે.



## માન્યતાઓ અને વ્યવહારમાં તફાવત



વિવિધ ધર્મો દ્વારા અનુસરવામાં આવતા ધાર્મિક કાર્યો, તેમને માપવા માટે એક ગેજ બની જાય છે, અને જ્યારે કોઈની માન્યતા તેમની સાથે મળતી ન આવે, ત્યારે તેઓ આખા ધર્મ વિશે નેગેટિવ વાતો વિચારવાનું અને કહેવાનું શરૂ કરે છે.



## ટૂંકી દ્રષ્ટિ

ઘણી વાર એવું બને છે કે, લોકો એક જ વ્યક્તિ સાથેના તેમના અનુભવ પરથી, તે વ્યક્તિ પસંદ કે નાપસંદ પડતાં તેના પરથી જ આખા ધર્મ માટે નિર્ણય લઈ લે છે.

## ધાર્મિક પોશાકમાં તફાવત

બાહ્ય દેખાવ અને ડ્રેસ-અપ પણ એક ભૂમિકા ભજવે છે, ખાસ કરીને અમુક સંપ્રદાયોના સમાજમાં.



# Q & A

**પ્રશ્નકર્તા:** મારો ફ્રેન્ડ રાજ એક વખત એના ફેમીલી સાથે જાત્રાએ ગયો હતો. તે દરમિયાન રાજે જોયું કે એક મંદિરમાં પંડિતે મૂર્તિને વિવિધ ભોગ ચડાવ્યા હતા, જેમાં એક વાનગીમાં બટાકા હતા. રાજે આ વિષે મને કહેતાં કહ્યું કે, ''કોઈ પંડિત ભગવાનને બટાકાવાળી વાનગી કેવી રીતે ધરી શકે? જૈન ધર્મ આને મંજૂરી આપતું નથી. આ પંડિતને સાચા ધર્મ અને ભગવાનને શું ધરાવાય એનું જ્ઞાન નથી.''

મને પણ આ વાત સાંભળીને થોડું અજુગતું લાગ્યું કે એ પંડિતે આવું કેમ કર્યું હશે?

**આપ્તપુત્ર** : દરેક ધર્મ એમના વ્યુ-પોઈન્ટના આધારે ચાલતા હોય છે. આપણે જે જગ્યાએ આજે ઊભા છીએ તે બધા જ વ્યુ-પોઈન્ટમાંથી પસાર થઈને આગળ આવી ગયા છીએ. જેમ દરેક ધોરણ પ્રમાણે શિક્ષણ એકસરખું ન હોય ને? અમુક ધર્મોના વ્યુ પોઈન્ટના હિસાબે બટાકા ન ખવાય અને બીજા ધર્મોની માન્યતા પ્રમાણે ખાવામાં વાંધો નહિ. આપણી માન્યતાના આધારે કોઈ ન ચાલતું હોય એ માટે આપણે ભાવ બગાડવા ન જોઈએ, નહિ તો આપણને બંધન થશે.



**પ્રશ્નકર્તા**: હું એક દિવસ મારા મિત્રના પરિવાર સાથે એક આશ્રમમાં ગયો. ત્યાં મેં જોયું કે એમના ગુરુ અમુક દર્શનાર્થીઓને પૂજા, ધ્યાન અને અન્ય ધાર્મિક વિધિઓ તથા ક્રિયાઓ કરવા બાબત ઉપદેશ આપતા હતા. તે જોઈને મને વિચાર આવ્યો કે દાદા ભગવાનના સિદ્ધાંતો કરતાં આ બધું અલગ છે. આ ઉપદેશો મને મારા અંતિમ ધ્યેય તરફ જવામાં મદદરૂપ થાય એવું ના લાગ્યું. આ જોઈને મને તે ગુરુ અને સંપ્રદાય વિશે બહુ નેગેટિવ ઊભું થઈ ગયું, કે અહીં તો આવવા જેવું જ નથી. તો આને વિરાધના થઈ કહેવાય?

**આપ્તપુત્ર** : આપણે ફેમીલી સાથે કે ફ્રેન્ડ સર્કલ સાથે ગયા હોઈએ તો આપણે ત્યાં બધું જોવાનું, દર્શન કરવાના પણ પછી ભૂલ નહિ કાઢવાની. અને ક્રિયાથી માંડી નિયમો બધું જ બધા ધર્મના અલગ જ હોય એટલે આપણે એ ખોટું છે કે સાચું એ ચેક કરવા નહિ જવાનું. ક્રમિક માર્ગ એટલે આવું જ હોય, તમને ત્યાં અક્રમ જોવા નહિ મળે. ક્રમિક એટલે ક્રિયાઓ જ હોય. બધા ધર્મોએ શાંતિ માટે અલગ-અલગ રસ્તાઓ અને ક્રિયાઓ દેખાડી છે. કોઈને ભજનથી શાંતિ થાય, કોઈને યોગક્રિયા માફક આવે, કોઈ માળા ફેરવીને ભક્તિ કરતા હોય. જ્યારે અક્રમ એટલે સમજણ અને ભાવ-ક્રિયાનો માર્ગ. એટલે બીજે અક્રમ જેવું શોધવા જશો તો અવળું જ દેખાશે અને દ્વેષભાવ જ થશે. હવે આપણે અક્રમમાર્ગે વિજ્ઞાનથી જવા માગીએ છીએ. બધા પોતપોતાના વ્યુપોઈન્ટથી સાચા છે. તમને આ અનુકૂળ આવે છે તો તમે આ કરો છો અને એને એ અનુકૂળ આવે છે તો એ કરે છે પણ દ્વેષભાવ નહિ કરવાનો અને થઈ જાય તો એના માટે જ દાદા એ બીજી કલમ આપી છે કે, 'કોઈ પણ ધર્મનું પ્રમાણ ન દુભાય.....' એ બોલવાની અને શક્તિ માગવાની. અને એ યાદ રાખવાનું કે આપણો દ્વેષભાવ હોય તો આપણી વાણી પણ વાંકી નીકળે. દાદાએ કહ્યું કે, ''જ્યારે સંજોગ મળે ત્યારે આ બધા મંદિરે દર્શન કરવા જવાનું અને જે વિરાધનાઓ થઈ ગઈ હોય તે ધોઈ નાખવાની.''



# Get ready to Win This CONTEST

9 kalams
9 Akram Youth
15 questions For Every Month

Exciting Prizes to be Won

# The power of 9 QUIZ

# Today's Youth App

**The Official App of Dada Bhagwan Youth Group**

for visiting **youth.dadabhagwan.org**
for downloading Free PDF of **Akram Youth magazine**
for **Subscribing** to Akram Youth Magazine
to play **The Power of 9 QUIZ**
and much more...

Scan here to Download App

ANDROID APP ON Google play

Download on the App Store


View this page in AR App

# BHAKTI KARAOKE

# નિશ્ચયથી નમન કરું

Nischay thi naman - Bhakti Pad
http://bit.do/nichay-thi-naman

Nischay thi naman - Instrumental
http://bit.do/nischay-thi-naman-instru



Download
Audio Pad
and sing along.

Upload your recorded version
on **Akram Youth Facebook Page**
before 1st Mar 2020 & win prizes.

નિશ્ચયથી નમન કરું દાદા સુચરણ, વ્યવહારે વંદન કરું, અભેદ દેવોગણ.
પ્રથમ પાયે લાગુ હું, ઋષભ જીનેશ્વર મૂળ, મહાવીર ને સર્વજ્ઞ સહુ, તીર્થંકર વીતરાગ.
નમો ભગવતે વાસુદેવાય, શ્રીકૃષ્ણ મમઃ, નીલકંઠ ૐ નમઃ શિવાય, અર્ધ નારી નટેશ્વર.
સહજાનંદ સ્વામી નારાયણ, મહ્કી ઘોડી સવાર, વંદે વલ્લભાચાર્યજી, જગગુરુ શંકરાચાર્ય.
નમસ્કાર જરથોસ્તને, પૂજક સુર્ય અગન, ક્રાઈસ્ટ ખ્રિસ્તી જીસસને, વિશ્વ પ્રેમનું ઝરણ.

યા અલ્લા પરવર દિગાર, પયગંબર ચંદ્ર કુરાન, ગુરુ નાનકને નમન, ગૌતમ બુદ્ધ ભગવાન,
નમું મીર-નરસીંહને, અખા-કબીર-જલારામ, તાનેશ્વર-એકનાથ સંત, સાંઈ-તુલસી-તુકારામ.
સાધુ-સાધ્વી-આચાર્યને,ભક્તો જૈનોને નમું, સાધુ-સાધ્વી-આચાર્યને, ભક્તો વેદાંતીને નમું.
સાધુ-સાધ્વી-આચાર્યને, ભક્તો પુષ્ટિ પંથ, સાધુ-સાધ્વી-આચાર્યને, ભક્તો સ્વામિનારાયણ.

નમન હો ભક્તોને, નમતા જીસસ-જરથોસ્તને, વંદુ પ્રેમે પૂજતા, અલ્લા-નાનક ભક્તને.
શાસન દેવી-દેવતા, નમું હું વારંવાર, આદ્યશક્તિ માં અંબા, કરો કૃપા અપાર.
વૈમાનિક જ્યોતિષ્ક દેવો, ભુવનવાસી વ્યંતર, વ્યવહારે વંદન કરું, કરો મોક્ષ મુજ સુતર.
નિશ્ચયથી નમસ્કાર કરું સર્વ સિદ્ધ ભગવંતને, સર્વ જ્ઞાની બ્રમ્હાંડ તણા, તીર્થ સ્વામી સીમંધરને.

નિશ્ચયથી નમસ્કાર કરું, સર્વજ્ઞ દાદા ભગવાનને, સર્વ દાદા જ્ઞાનીને, વર્તમાન તીર્થંકરોને.
ૐ પરમેષ્ટિ ભગવંતોને, પંચ પરમેષ્ટિ ભગવંતોને, ત્રિષષ્ઠિ સલાખા પુરુષોને, નમું સંતો, સતપુરુષોને.
ફરી ફરી નિશ્ચે નમું, મૂર્તિમાન મોક્ષ સ્વરૂપને... દસ લખ વરસે પ્રગટી, પ્રત્યક્ષ પ્રગટ જ્યોતને.

# દાદાશ્રીના પુસ્તકની ઝલક

દરેકનું એનાં પ્રમાણમાં સાચું છે. એટલે દરેકનું જે સ્વીકાર કરે છે, એનું નામ સ્યાદ્‌વાદ.

**કોઈપણ ધર્મનું પ્રમાણ ન દુભાય...**

**દાદાશ્રી :** કોઈનુંય પ્રમાણ ના દુભાવવું જોઈએ. આ કોઈ ખોટો છે, એવું ના લાગવું જોઈએ. આ 'એક' એ પણ સંખ્યા કહેવાય કે ના કહેવાય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો 'બે' એ સંખ્યા કહેવાય કે ના કહેવાય ?

**પ્રશ્નકર્તા :** હા, કહેવાય.


**દાદાશ્રી :** તો આપણા 'સો'વાળા શું કહે ? 'અમારું સાચું, તમારું ખોટું' એવું ના કહેવાય. બધાનું સાચું છે. 'એક'નું 'એક'ના પ્રમાણમાં, 'બે'નું 'બે'ના પ્રમાણમાં, દરેકનું એનાં પ્રમાણમાં સાચું છે. એટલે દરેકનું જે સ્વીકાર કરે છે, એનું નામ સ્યાદ્‌વાદ. એક વસ્તુ એના ગુણધર્મમાં હોય, પણ આપણે એ અમુક જ ગુણનો સ્વીકાર કરીએ ને બીજાનો સ્વીકાર ના કરીએ, ખોટું છે. સ્યાદ્‌વાદ એટલે દરેકનું પ્રમાણપૂર્વક. ૩૬૦ ડિગ્રી હોય તો બધાનું સાચું, પણ એની ડિગ્રી સુધી એનું સાચું અને આની ડિગ્રી સુધી આનું સાચું.

એટલે મુસ્લિમ ધર્મેય ખોટો છે એવું આપણાથી બોલાય નહીં. દરેક ધર્મ સાચા છે, ખોટા નથી. આપણે કોઈને ખોટું કહી શકીએ જ નહીં ને ! એ એનો ધર્મ છે. માંસાહાર કરતો હોય, એને આપણે ખોટા કેમ કરીને કહી શકીએ ?! એ કહેશે, માંસાહાર કરવો એ મારો ધર્મ છે. તો આપણાથી 'ના' ન કહેવાય. એ એમની માન્યતા છે, બિલિફ છે એમની. આપણે કોઈની 'બિલિફ'

તોડી ના શકીએ. પણ આપણા માણસો જો માંસાહાર કરતાં હોય તો આપણે એમને કહેવું જોઈએ કે, 'ભાઈ, આ સારી વસ્તુ નથી.' પછી એને કરવું હોય તેને આપણાથી વાંધો ના ઊઠાવાય. આપણે સમજાવવું જોઈએ કે આ વસ્તુ 'હેલ્પફૂલ' નથી.

સ્યાદ્વાદ એટલે કોઈ ધર્મનું પ્રમાણ ન દુભાય. જેટલા પ્રમાણમાં સત્ય હોય એટલા પ્રમાણમાં સત્ય એને કહે અને બીજાં જેટલાં પ્રમાણમાં અસત્ય હોય તેને અસત્ય પણ કહે. એનું નામ પ્રમાણ દુભાવે નહીં. ક્રિશ્ચિયન પ્રમાણ, મુસ્લિમ પ્રમાણ, કોઈ પણ ધર્મનું પ્રમાણ દુભાવાવું ના જોઈએ. કારણ કે બધાં ૩૬૦ ડિગ્રીમાં જ આવી જાય છે. રિયલ ઈઝ ધી સેન્ટર અને ઑલ ધીઝ આર રિલેટિવ વ્યુઝ. સેન્ટરવાળાને માટે રિલેટિવ વ્યુઝ બધા સરખા છે. ભગવાનનું સ્યાદ્વાદ એટલે કોઈને કિંચિત્માત્ર દુઃખ ના થાય, પછી ગમે તે ધર્મ હોય !


એટલે એ સ્યાદ્વાદ માર્ગ એવો હોય. દરેકના ધર્મને સ્વીકાર કરવો પડે. સામો બે ધોલ મારે તે પણ આપણે સ્વીકાર કરવો જોઈએ. કારણ કે જગત આખું નિર્દોષ છે. દોષિત દેખાય છે, તે તમારા દોષે કરીને દેખાય છે. બાકી જગત દોષિત છે જ નહીં. અને તે તમારી બુદ્ધિ દોષિત દેખાડે છે કે, આણે ખોટું કર્યું.




કોઈ પણ ધર્મનું પ્રમાણ દુભાવાવું ના જોઈએ. કારણ કે બધાં ૩૬૦ ડિગ્રીમાં જ આવી જાય છે. રિયલ ઈઝ ધી સેન્ટર અને ઓલ ધીઝ આર રિલેટિવ વ્યુઝ.

# મહાન પુરુષોની ઝાંખી

## સિદ્ધરાજ જયસિંહ



**જયસિંહ સોલંકી (ઈ.સ. ૧૦૯૧-૧૧૪૩) ચોથા અને સૌથી વિખ્યાત સોલંકી રાજવી હતાં.** તેમણે ઈ.સ. ૧૦૯૬થી ઈ.સ. ૧૧૪૩ સુધી ગુજરાત પર શાસન કર્યું. તેઓ ગુજરાતમાં પોતાના ઉપનામ 'સિદ્ધરાજ'થી વધુ ખ્યાતનામ થયા. તેમનો રાજ્યકાળ ગુજરાતનો સુવર્ણયુગ ગણાય છે. મુસ્લિમ આક્રમકો સામે ગુજરાતનું પતન થયું તે પહેલાંનું આ છેલ્લું હિન્દુ સામ્રાજ્ય હતું.

મહારાજ સિદ્ધરાજના સમયમાં તેમના રાજ્યની બધે બોલબાલા થઈ રહી હતી. દૂરદૂરના પ્રવાસીઓ ગુજરાત જોવા આવતા. અહીંના કલાકારો, કલા, સ્થાપત્ય અને વિદ્યા પર બધા ઓવારી જતા. સાથે અહીં એવું ન હતું કે રાજાને ગમતા દેવને જ સહુ માને ! રાજાને રુચતો ધર્મ સહુ પાળે ! પ્રજા અનેક ધર્મ પાળતી. વળી અન્ય ધર્મ તરફ લોકો ઉદાર ભાવ રાખતા.

મહારાજા સિદ્ધરાજના કુળનો શૈવધર્મ હતો. તેઓ સોમનાથ મહાદેવને પોતાના દેવ માનતા. તેઓ પોતાનો ધર્મ પાળતા અને બીજા ધર્મોને સમભાવથી જોતા. પોતે શિવ મંદિરમાં સદા જાય; પણ એથી વિષ્ણુ મંદિર કે જૈનોના દેરાઓ પર દ્વેષ એવું નહિ !

સોરઠના મંત્રી સજ્જન મહેતાએ

ગિરનાર પર રાજ્યના પૈસે દેરાં બંધાવ્યા, તોય એને મંજૂરી આપી. અને અનેક લોકોનો વિરોધ હોવા છતાં તેમણે વેશ બદલીને પણ પોતે જૈનોના મહાતીર્થ એવા શત્રુંજયની યાત્રા કરી હતી.

ધર્માંધ લોકો જ્યારે આડીઅવળી વાતો કરે ત્યારે મહારાજા સિદ્ધરાજ કહેતા, 'જે શાંતિ-સંતોષથી ને પડોશી સાથે પ્રેમથી રહે, એ ખરી પ્રજા, એ ખરો નાગરિક. મારા માટે તો શૈવ, વૈષ્ણવ કે જૈન સૌ સમાન છે. મારી પ્રજામાં તો મુસલમાન પણ છે. જે આ ભૂમિને વફાદાર રહે, પોતાને આ દેશનું સંતાન માને, અને શાંતિથી પોતાના ઇષ્ટદેવને પૂજે એ મારી પ્રજા, એ મારા રક્ષણની અધિકારી !'

'નાગર અને જૈનો મારી બે આંખો છે. એ બંને વર્ગના લોકો મારા રાજ્યના મંત્રીઓ છે. હું કઈ આંખને રાખું ને કોને ફોડું ?'

'રજપૂતો મારી બે ભુજાઓ છે : કોઈ શૈવ છે, કોઈ વૈષ્ણવ છે. કઈ ભુજા રાખું અને કઈ કાપું?' 'શૂદ્રો તો મારા પગ છે. પગ નબળા હોય તો આખું શરીર નબળું ! મારા પગ કાપું એવો હું મૂર્ખ નથી.'

'મારે કોઈ જ્ઞાતિ નથી, જાતિ નથી, વર્ણ નથી. મારી પાસે તો એક પિતાની પ્રજા જેવી આ પ્રજા છે.'

'પ્રજા કાળી-ગોરી હોય. પ્રજા બળવાન-નિર્બળ હોય; પ્રજા ઊંચી-નીચી હોય: બાપની નજર બધા પર સમાન.'

સિદ્ધરાજના દરબારની ઘણી આગળ પડતી વ્યક્તિ અન્ય ધર્મની, મુખ્યત્વે જૈનધર્મી હતી. જોકે સિદ્ધરાજે કોઈ પણ ધર્મને રાજકારણમાં દાખલ થવા દીધો ન હતો. શરૂઆતમાં સિદ્ધરાજની સત્તા મજબૂત કરવા માટે તેના જૈનમંત્રીઓ અને જૈનધર્મના આગેવાનોએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. પણ સિદ્ધરાજે કદી કોઈ ધર્મ પ્રત્યે પક્ષપાત દાખવ્યો ન હતો. તેમણે જૈનો પર મૂકવામાં

**ધર્માંધ લોકો જ્યારે આડીઅવળી વાતો કરે ત્યારે મહારાજા સિદ્ધરાજ કહેતા, 'જે શાંતિ-સંતોષથી ને પડોશી સાથે પ્રેમથી રહે, એ ખરી પ્રજા**

આવેલા અનેક પ્રતિબંધો નાબૂદ કર્યા.

મુસ્લિમો પ્રત્યે પણ તેમણે સમભાવ દાખવ્યો છે. એક વખત સાંપ્રદાયિક રમખાણો ફાટી નીકળતાં અમુક ધાર્મિક સ્થળો ધ્વંશ પામ્યા હતાં. સિદ્ધરાજે આ ઘટનાની નોંધ લઈને તપાસ હાથ ધરી અને દોષિતોને દંડ કર્યો તેમ જ નવી મસ્જિદ બનાવવા માટે એક લાખ બલોતરા (સ્થાનિક સિક્કા) આપ્યા. આ બાબત એટલે વધુ મહત્વની બને છે કારણ કે પૂર્વે સિદ્ધરાજ પરિવારના આરાધ્યદેવ સોમનાથ મંદિર પર મહમદ ગઝનીએ ૧૭ વાર આક્રમણ કરી તેને ભાંગ્યું હતું તેમ છતાં તેમણે આ ઉદારતા બતાવી. આ બધા પ્રસંગો ધર્મસહિષ્ણુતા અને ન્યાયપ્રિયતાની સાક્ષી પૂરે છે.

# ચાલો, આપણી જાતને ચકાસીએ...

આપણને તો એમ જ લાગે છે કે, 'મારાથી તો કોઈ ધર્મનો અહમ્ દુભાતો જ નથી.' પણ શું એ સત્ય છે?

***નીચે અમુક એવી પરિસ્થિતિઓ દર્શાવી છે કે જે લગભગ બધાના જીવનમાં સર્જાતી જ હોય છે. તો ચાલો, ચેક કરીએ કે આવી પરિસ્થિતિઓમાં આપણા ભાવ ક્યારેય બગડ્યા છે?***

| | |
|---|---|
| ૧. તમે કોઈ મંદિરમાં ગયા હોવ અને કોઈ તમને ત્યાં ફોટા પાડવાની ના પાડે અથવા ત્યાંના અમુક નીતિ-નિયમો વિષે જાણો ત્યારે... | હા / ના |
| ૨. તમે કોઈપણ માધ્યમથી (ટી.વી., ઈન્ટરનેટ, રેડિયો, વગેરે.) કોઈ સંપ્રદાય વિશે વાતો સાંભળી હોય ત્યારે... | હા / ના |
| ૩. કોઈ ધર્મ કે સંપ્રદાયના સાધુ કે ફોલોઅર્સની લાઈફસ્ટાઈલ જોઈને... | હા / ના |
| ૪. તમે પોતે જે સંપ્રદાયમાં માનતા હોવ, ત્યાં તમારી ઈચ્છા વિરુદ્ધ આચરણ અથવા તમારી અપેક્ષા પૂરી ન થાય ત્યારે... | હા / ના |
| ૫. કોઇપણ ધર્મ કે સંપ્રદાયના પ્રોગ્રામમાં ફોલોઅર્સની ખૂબ ભીડ હોય ત્યારે... | હા / ના |
| ૬. કોઈ વ્યક્તિ જોડે કંઈ પણ અથડામણ કે મતભેદ થાય અને તેથી તમે તે વ્યક્તિ જે ધર્મ કે સંપ્રદાયમાં માનતી હોય એમના વિશે એવું દ્રઢપણે માની લો કે આ બધા લોકો આવા જ હોય.. | હા / ના |
| ૭. તમે જે સંપ્રદાય અને ધર્મગુરુને પૂજતા હોવ તેનું અપમાન બીજા કોઈ સંપ્રદાય કરે ત્યારે તમને તે સંપ્રદાય કે તેમના ધર્મગુરુ વિશે નેગેટિવ વિચાર આવે છે? | હા / ના |
| ૮. જયારે બે અલગ-અલગ ધર્મના લોકો કોઈ બાબત માટે ઝઘડે ત્યારે... | હા / ના |

જો ઉપરના કોઈપણ પ્રશ્નમાં આપણી 'હા' હોય તો આપણે જાણ્યે-અજાણ્યે ધર્મ સંપ્રદાય તો ઠીક પણ એમના ભગવાનની વિરાધના પણ કરી ચૂક્યા છીએ.

આવી પરિસ્થિતિઓમાં આપણે સાચી વાત જાણ્યા વિના અપરાધ કે અવર્ણવાદમાં અજાણતા જ ફસાઈ શકીએ છીએ. ***માટે ખાસ સત્ય હકીકત જાણીએ અને બીજી કલમ બોલીને આવું ક્યારેય ન થાય એવો દ્રઢ નિશ્ચય કરીએ.***

# #કવિતા

દાદાના યુવાનો દ્વારા

સાચો હોય ભલે તમારો, પણ કોઈ ધર્મ ખોટો ન હોય...
બધા ધર્મ યોગ્ય છે, કોઈ નાનો ને વળી કોઈ મોટો ન હોય..

કૃષ્ણ એ વૈષ્ણવ મારા, બીજા પારકા એવું કહ્યું નથી..
ધર્મો એ ઘણું શીખવ્યું, પક્ષપાતી વલણ શીખવ્યું નથી..

મહાવીર કહો કે રામ કહો, સહુએ વિતરાગતા કહી છે..
પોત-પોતાના સ્તરે, હરેક ધર્મે માત્ર છુટવાની વાર્તા કરી છે..

વર્તુળમાં જે જ્યાં છે ત્યાં, તેની દ્રષ્ટિએ એ એકદમ સાચો છે..
કેન્દ્રમાં ઊભેલો બરાબર જાણે, ન કોઈ ઉંચો છે ન કોઈ નીચો છે..

અંતિમ ધર્મ જો જાણવો હોય તમારે ?, તો એ સ્વધર્મ છે..
આત્મજ્ઞાની ને ખોળી, ઓળખાણ ખુદની કરવી એ જ મર્મ છે..

દાદાના યુવાનો દ્વારા

View this page
in AR App

# Ymht and iStar

participants visit various places of worship in Ahmedabad.



Dargah, Thaltej



Gurudvara, S.G. Highway



Church, Sargasan

Iskcon Temple

વર્ષ: ૭, અંક : ૦૯
સળંગ અંક : ૮૧
જાન્યુઆરી ૨૦૨૦

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month


# The First
## Augmented Reality Magazine
# Akram Youth AR App

View this page in AR App

## Good News
### for Everyone
Akram Youth AR
in just **30** mb



**1 Step**
Download Akram Youth AR App

**2 Step**
Download magazine pack of desired Issue

**3 Step**
View this magazine through the App

**For details, watch the intro video in the app.**

http://tiny.cc/akramyouthar


Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.